ગાંધીનગર સમાચાર

મધ્યપ્રદેશમાં વ્યાપમ અને ગુજરાતમાં
વ્યાપક કૌભાંડ : કલ્યાણસિંહ ચંપાવત

# મોંઘી બનેલી કટિંગ 'ચા'નો નવો વિકલ્પ 'હાફ કટિંગ'

## ડગલે ને પગલે ચા પીવા ટેવાયેલા નગરજનોનો નવો 'સ્માર્ટ' તુક્કો એટલે હાફ કટિંગ ચા : હજુ પણ સરકાર મોંઘવારી પર અંકુશ નહી મેળવે તો પ્રજા તેને પણ 'હાફ કટિંગ' કરતા નહી અચકાય



ગાંધીનગર, તા.૨૯

દેશભરમાં ફુગાવાએ ફરી એકવાર માથુ ઉંચકયુ છે અને કારમી મોંઘવારીમાં પ્રજા પીસાઈ રહી છે. પેટ્રોલ-ડીઝલ-ગેસ, વીજળી વગેરેથી માંડીને કઠોળ-દાળ, શાકભાજી તથા દૂધ વગેરે જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનો ભાવવધારો નિરંકુશ બનતા મધ્યમ વર્ગીય નાગરિકો માટે જીવન દોહ્યલું બની રહ્યું છે. દૂધ-ખાંડ વગેરેના ભાવ વધતા ચાનો પ્યાલો પણ મોંઘો બન્યો છે. નાના મોટા વેપાર ધંધા કરતા કે નોકરિયાતો રિફ્રેશ થવા ચાની કિટલીએ 'કિટંગ ચા' પીતા હતા. પરંતુ હવે તેની કિંમત પણ રૂ.૧૦ સુધી પહોંચી જતા શહેરમાં હવે 'હાફ કટિંગ' ચાનો નવો ટ્રેન્ડ શરૂ થયો છે.

**હાય રે... મોંઘવારી!!**

સામાન્ય રીતે મિત્રો એકબીજાને મળે એટલે સાથે ચા પીવા જવાનો એક શિરસ્તો છે. આ વ્યવહાર 'સંબંધ' જાળવવામાં ઘણો ઉપયોગી નિવડે છે. તથા નવા સંબંધો બાંધવા માટે પણ ઉપકારક બની રહે છે. કોલેજ હોય કે ઓફિસ, શેરમાર્કેટ હોય કે કરિયાણા બજાર.. અત્ર તત્ર સર્વત્ર કટિંગ ચાની બોલબાલા છવાયેલી છે. જો કે હવે થોડા વર્ષો પૂર્વે માત્ર રૂ. ૫માં મળતી કટિંગ ચા હવે રૂ. ૧૦ સુધીના ભાવને આંબી જતા ચા પ્રેમીઓના મોં કટાણા થઈ જવા પામ્યા છે. હવ મિત્રોને પાર્ટી આપવા કે ગૃપમાં વટ મારવા ચા પીવડાવવી એટલે ખિસ્સામાં ખાડો પાડવા જેવી બાબત બની રહે છે. હવે ઓફિસની રિશેષમાં ચા પીવા સાથે જવું ઘણું મોંઘુ પડી શકે છે. જો કે ગાંધીનગરના 'સ્માર્ટ' નગરજનોએ આ સમસ્યાનો નવો ઉકેલ શોધી કાઢયો છે અને તે છે 'હાફ કટિંગ'.

'હાફ કટિંગ' ચા એટલે અડધાની પણ અડધી ચા. હવે જયારે બે પાંચ મિત્રો સાથે ચા પીવા જાય ત્યારે તેમનાથી અડધી સંખ્યામાં ચા મંગાવે અને પછી સાથે બીજા ખૂટતા ખાલી કપ મંગાવી અડધામાંથી અડધી ચા કરીને પીવે છે. હવે તો ચાની કિટલીવાળાઓને પણ ખબર પડી ગઈ છે એટલે ઘણી જગ્યાએ બે મિત્રો ચા પીવા જાય ને 'એક હાફ કટિંગ' નો ઓર્ડર આપે એટલે ચા વાળો અડધી ચાના બે ભાગ કરીને પીરસે છે. આમ અડધાની અડધી એટલે કે 'પા' ચા પીને પણ પોતાના વ્યવહાર કે સંબંધ જાળવતા નાગરિકો ખરેખર તો મોંઘવારીના કારણે ત્રસ્ત થઈ આ પ્રકારે રસ્તા શોધી કરકસર કરવા પ્રયત્નો કરે છે. સરકાર જો સત્વરે મોંઘવારી પર અંકુશ નહી મેળવે તો આ પ્રજા તેને પણ 'હાફ કટિંગ' કરી દેતા નહી અચકાય.

# મેઘાએ ફરી હાથતાળી આપી





## બપોરે આકાશમાં ઘેરાયેલા ઘનઘોર વાદળોને જોઈ શહેરમાં ધોધમાર વરસાદની આશા બંધાઈ હતી પરંતુ છેક મોડી સાંજ સુધી માત્ર છુટાછવાયા ઝાંપટા જ પડ્યા

ગાંધીનગર, તા. ૨૯

છેલ્લા ઘણા દિવસોથી ધોધમાર વરસાદની આશા રાખીને બેઠેલા શહેરીજનોને મેઘાએ ફરી હાથતાળી આપી છે. આજે બપોરે આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયા હતા અને કેટલાક સ્થળોએ ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો. પરંતુ થોડાક જ સમયમાં વરસાદ બંધ થઈ જતાં નગરજનો નિરાશ થયા હતા.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં ચોમાસુ જામ્યુ છે ત્યારે ગાંધીનગરના વસાહતીઓ પ્રથમ ધોધમાર વરસાદની આશા રાખીને બેઠા છે. છેલ્લા કેટલાય દિવસોથી વાદળો બંધાય છે પરંતુ વરસાદ પડતો નથી. શહેર અને જિલ્લામાં કેટલાક સ્થળોએ છુટોછવાયો વરસાદ નોંધાયો છે. પરંતુ સાર્વત્રિક કહી શકાય તેવો ધોધમાર વરસાદ હજુ ગાંધીનગર અને તેના આસપાસના વિસ્તારોમાં પડ્યો નથી. આજે સવારે તડકો નીકળ્યા બાદ બપોરે અચાનક જ આકાશમાં વાદળોની જમાવટ થવા માંડી હતી. સવારથી જ ભયંકર બફારાનો સામનો કરી રહેલા નગરજનો વાદળોની જમાવટ જોઈ ખુશખુશાલ બની ગયા હતા. આકાશમાં વાદળોની જમાવટ ઘેરી બનતા શહેરમાં કેટલાક ઠેકાણે ધીમી ધારે વરસાદ વરસવાનું શરૂ થયું હતું. ગરમી અને બફારાથી કંટાળેલા શહેરીજનોએ હાશકારો અનુભવ્યો હતો. જો કે થોડીક જ વારમાં વરસાદ બંધ થઈ જતા નિરાશા સાંપડી હતી. વરસાદ બંધ થતાં બફારો પુનઃ વધવા લાગ્યો હતો. સાંજ સુધીમાં સખત ઉકળાટ થવા લાગ્યો હતો. પરસેવે રેબઝેબ બનેલા નગરજનોની વરસાદની ઝંખના વધુ તીવ્ર બની છે.

# આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા

## વિકાસ કામોને લઈ કામગીરી થશે : જિલ્લા પંચાયતમાં ૧૮ એ.સી. મશીનો સ્વભંડોળમાંથી ફીટ કરવા નિર્ણય લેવાશે : વિપક્ષના માત્ર ૪ જ પ્રશ્નો દાખલ કરાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે સામાન્યસભા મળશએ જેમાં વિકાસના કામોને બહાલી આપવા ઉપરાંત વિકાસના કામો માટે સભ્યોની ગ્રાન્ટમાં વધારો કરવા સહિતના નિર્ણયો લેવામાં આવશે. આજે મળનારી સભામાં ચૂંટાયેલા ૨૯ સભ્યો હાજરી આપશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષપદે મળનારી આ સામાન્ય સભા માટે તંત્રએ તેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. આ બેઠકમાં પંચાયતના સભ્ય સચિવ તરીકે ઈન્ચાર્જ ડી.ડી.ઓ. સુશ્રી જયશ્રીબેન દેવાંગન ઉપસ્થિત રહેશે.

આ બેઠકમાં મનરેગાનું લેબર બજેટ પસાર કરવા ઉપરાંત રાજ્ય સરકારમાંથી મંજૂર થઈ આવેલ માર્ગના કામો હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવનાર છે. આ બેઠકમાં વિવિધ સમિતિઓની કાર્યવાહી નોંધને પણ બહાલી આપવામાં આવશે. જ્યારે અધ્યક્ષસ્થાનેથી રેતી-કાંકરીની ગ્રાન્ટ વાપરવાની મંજૂરી આપતો પ્રસ્તાવ લાવવામાં આવનાર છે.

આ બેઠકમાં વિપક્ષે સત્તાધારી પક્ષને ઘેરવાની વ્યુહરચના તૈયાર કરી હતી પરંતુ પુછેલા ૨૨ પ્રશ્નોમાંથી માત્ર ૪ જ પ્રશ્નો દાખલ કરવામાં આવતાં વિપક્ષમાં નારાજગીનું મોજુ પ્રસરી જવા પામ્યુ છે.

જિલ્લા પંચાયતની આજની બેઠકમાં ૨૦૧૫-૧૬ના સભ્યોના વિકાસ કામો જે અધુરા રહ્યા છે તે પૂરા કરવાની મુદતમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવનાર છે.

કોંગ્રેસ પક્ષ આ બેઠકને રૂટીન બેઠક ગણાવી રહેલ છે જો કે વિપક્ષે પંચાયતની પેટા-ચૂંટણી પહેલાંની આ બેઠક મહત્વની હોઈ તે રીતે તેની તૈયારી કરી છે. આ બેઠકમાં પંચાયતની કચેરીમાં વધુ ૧૮ એ.સી. મશીનો ફીટ કરવાનો વિવાદાસ્પદ નિર્ણય લેવામાં ાવશે.જિલ્લા પંચાયતની આ બેઠકમાં કોંગ્રેસની તાકાતમાં ઘટાડો જોવા મળશે. એક સભ્યનું સભ્યપદ રદ થયુ હોવાથી તેની સંખ્યા ઘટીને ૨૪ થઈ છે.



મોંઘવારી વિરોધી રેલી - પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાના વિરોધમાં અમદાવાદ ખાતે કોંગ્રેસ દ્વારા યોજાયેલી મોંઘવારી વિરોધી રેલીમાં પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા ઘોડાગાડીમાં બેસી પ્રતિકાત્મક વિરોધ દર્શાવવા રેલીમાં જોડાયા હતા.

# પાંચ માસના ટુંકા ગાળામાં સરકારે ૧૧ માર્ગોના કામ મંજૂર કર્યા

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત સરકારે પાંચ માસના ટુંકા ગાળામાં જ જિલ્લાના ૧૧ માર્ગો માટે રૂ. ૧૧.૪૪ કરોડના કામો મંજૂર કર્યા છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકારે ડિસે. ૧૫ થી એપ્રિલ-૨૦૧૬ સુધીમાં ૧૧ માર્ગો ૨૯.૩૦ કિ.મી.ની લંબાઈ ધરાવતા મંજૂર કર્યા છે. રાજ્ય સરકારે મંજૂર કરેલ આ ૧૧ કામો પૈકી ૩ કામોના ટેન્ડરીંગની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. જ્યારે ૮ કામોના નકશા-અંદાજો બને અને આનુસંગિક કામગીરી હાલ ચાલી રહી છે.

તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલ વિગતો મુજબ જે ત્રણ કામોના ટેન્ડરીંગની પ્રક્રિયા પૂર્ણ થયેલ છે તે સરકારમાં મંજૂરી માટે મોકલી આપવામાં આવેલ છે. જે મંજૂરી મળેથી હાથ ધરવા માટેની તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે.

જે કામો મંજૂર કરવામાં આવ્યા છે તેમાંથી ૮ કામો ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર

# મધ્યપ્રદેશમાં વ્યાપમ અને ગુજરાતમાં વ્યાપક કૌભાંડ : કલ્યાણસિંહ ચંપાવત

## ૨૦૦૧ પછી પચાસ હજાર ઉમેદવારોની ગેરકાયદેર ભરતી થઈ હોવાનો આક્ષેપ : પોતાનુ રાજકીય કદ વધતા ફસાવવામાં આવ્યો હોવાનો ચંપાવતનો દાવો : ચંપાવતના આક્ષેપોથી રાજકીય ખળભળાટ

ગાંધીનગર, તા. ૨૯

વર્ષ-૨૦૧૪ની તલાટી ભરતી



કૌભાંડના મુખ્ય સૂત્રધાર ડૉ. કલ્યાણસિંહ ચંપાવતે આજે પ્રેસ કોન્ફરન્સ કરીને ગુજરાતમાં સરકારી નોકરીની ભરતીઓને કૌભાંડ દર્શાવી અનેક સવાલો ઉભા કર્યા છે. કલ્યાણસિંહનો આક્ષેપ છે કે ૨૦૦૧ પછી રાજ્ય સરકાર દ્વારા સરકારી નોકરી માટે થયેલી ભરતીઓમાં ૫૦ હજારથી વધુ ઉમેદવારોની ગેરકાયદેસર ભરતી થઈ છે. મધ્યપ્રદેશમાં વ્યાપમ કૌભાંડ છે તેમ ગુજરાતમાં વ્યાપક કૌભાંડ છે.

પત્રકાર પરીષદમાં ડૉ. ચંપાવતે જણાવ્યુ હતુ કે પોતાનું રાજકીય કદ વધતા ફસાવવામાં આવ્યો છે. છેલ્લા ૨૫ વર્ષથી તે ભાજપ અને આરએસએસ માટે કામ કરતો હતો. તેનુ કદ વધતા સાબરકાંઠા લોકસભા બેઠક માટે તે દાવેદાર હોવાનું લાગતા ફસાવવામાં આવ્યો છે. ચંપાવતે દાવો કર્યો છે કે પોલીસ પાસે તેની સામેના કોઈ પુરાવા જ નથી અને ૧૬૪ મુજબના નિવેદન લખાવતા તે પણ ખોટા હતા. પોતાની વાતને સાચી સાબિત કરવા ઓડિયો-વિડિયો રેકોર્ડીંગ અને અન્ય ખુલાસો પણ છે. જે ટુંક સમયમાં જાહેર કરશે. તે ઉપરાંત જો મને કાંઈ પણ થશે તો તેના માટે ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને આનંદીબેન પટેલ જવાબદાર રહેશે તેમ જણાવ્યુ છે. ડૉ. ચંપાવત હાલ જામીન પર મુક્ત થયા છે અને તેમણે પોલીસની કામગીરી તથા તપાસ ઉપર પણ સવાલો ઉભા કર્યા છે.

વધુમાં તેણે આક્ષેપ કર્યો છે કે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સિક્યુરીટી ઈન્ચાર્જ તેમની પાસે પાર્ટી ફંડના પૈસા માટે આવ્યા હતા તે ઉપરાંત એલસીબીએ ચાર્જશીટમાં ભુપેન્દ્રસિંહ ચુડાસમા, આનંદીબેન પટેલ અને પંકજ મોદીના નામો કેમ નાંખ્યા નથી તેવા સવાલ કરીને રાજકીય ખળભળાટ મચાવી દીધો છે.

# અલગ પડેલા ગામોને નાણાં પંચની ગ્રાન્ટનો મુદ્દો ગરમાયો

## સેમી અર્બન ગામોને પણ નાણાં પંચની ગ્રાન્ટ નહિ ફાળવવાના મુદ્દે તાલુકા પંચાયતની બેઠકમાં સભ્યોનો રોષ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકાના ૨૦થી વધુ સેમી અર્બન ગામોને ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ નહિ ચુકવવામાં આવી હોવાનો મુદ્દો આજે તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ગરમાયો હતો.

આ મુદ્દે જિલ્લાકક્ષાએ અને જિલ્લા કક્ષાએથી રાજ્ય સરકારમાં રજુઆત કરવામાં આવી હોવાનું તંત્રના અધિકારીઓએ બચાવમાં કહ્યુ હતુ.

જો કે સભ્યોએ આ મુદ્દે તંત્ર પર સારી એવી તડાપીટ બોલાવી હતી. જે ગામો મહેસુલી ગામોથી અલગ પડેલા છે તે ગામોને પણ આ ગ્રાન્ટ નહિ મળતી હોવાની રજુઆત સભ્યોએ કરી હતી.

આજની બેઠકમાં વિકાસ અને ગ્રાન્ટના મુદ્દાઓ જ છવાયેલા રહેવા પામ્યા હતા. મહેસુલી ગામમાંથી છુટા પડેલા ગામોને નાણાંપંચની ગ્રાન્ટ મળવી જ જોઈએ તેવી તીવ્ર લાગણી સભ્યોએ વ્યક્ત કરી હતી.

આ બેઠકમાં સભ્યોને વિકાસ માટે ફાળવવામાં આવતા રૂ. ૫ લાખની રકમમાં રૂ. ૨ લાખનો વધારો કરવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો. જો કે વિકાસના કામોના અસરકારક મોનીટરીંગ માટે સભ્યોએ કરેલી રજુઆતના સંદર્ભમાં દર સપ્તાહે વિકાસ કામોની સમીક્ષા કરવામાં આવશે તેવો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

### જાહેર નોટીસ

ગાંધીનગરના સેક્ટર-૨૪ ખાતે આવેલ શ્રીનગર સોસાયટીના મકાનો પેકી મકાન નં. ૨૯૫/૬૯ વાળી મિલકત ચતુરજી રેવાજી ઠાકોરના વારસદારોના માલિકીની મિલકત છે. સદર મિલકતના કોઈ દસ્તાવેજ કે લખાણ કે કરાર હોઈ તો અસલ દસ્તાવેજો સાથે અમોને દિન-૧૫માં નીચે જણાવેલ સરનામે જાણ કરવાની રહેશે અને દિન-૧૫ પછી અમોને એટલે કે ચતુરજી રેવાજી ઠાકોરના વારસદારોનો હક્ક અને કબ્જો રહેશે જેની નોંધ સદર મિલકતના હાલના કબ્જેદારો અને ભોગવટેદારો કે ભાડુઆતે લેવાની રહેશે.

સહી/-
ચતુરજી રેવાજી ઠાકોરના વારસદારો
રહે : બ્લોક નં. ૫૩, ઘર નં. ૧૨૫૩,
ગુ.હા. બોર્ડ, મેઘાણીનગર, અમદાવાદ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com